## ભેદભાવ સામેનો અધિકાર

એકસમાન સારવાર મેળવવી એ મૂળભૂત અધિકાર છે. જો કે તે માત્ર રાજ્ય નિયંત્રિત સંસ્થાઓમાં મળે છે, ખાનગી પાર્ટીઓ આપતી નથી. કાયદો જણાવે છે કે કોઈ પણ વ્યક્તિ સામે લિંગ, ધર્મ, જાતિ, કૂળ કે જન્મસ્થળના આધારે ભેદભાવ રાખી શકાય નહીં. સામાજિક કે વ્યાવસાયિક રીતે સંચાલિત સરકારી કે સરકાર દ્વારા નિયંત્રિત સંસ્થા આવો ભેદભાવ રાખી શકે નહીં.

- જાહેર આરોગ્યનો અધિકાર પણ મૂળભૂત અધિકાર છે. રાજ્યએ દરેક વ્યક્તિને તે પૂરું પાડવું જોઈએ. એચઆઈવી પોઝિટિવ ધરાવતી વ્યક્તિ તબીબી સારવાર કે હૉસ્પિટલમાં દાખલ થવા માગે તો તેનો ઈન્કાર કરી શકાય નહીં. તેઓ ઈનકાર કરે તો તેમની સામે કાયદાકીય પગલાં લઈ શકાય.

- એ જ પ્રમાણે, એચઆઈવી ગ્રસ્ત વ્યકિત સામે તેની પોઝિટિવ સ્થિતિને લીધે રોજગારીના ક્ષેત્રે ભેદભાવ રાખી શકાય નહીં. વ્યક્તિ કાયમ માંદી રહેતી હોય તો તેને નોકરીમાંથી બરતરફ કરી શકાય પરંતુ તે એચઆઈવી પોઝિટિવ હોય છતાં કોઈ પણ રીતે બીજા માટે જોખમ ઊભું કર્યા વિના નોકરી કરી શકતી હોય તો તેને નોકરીમાંથી કાઢી ન શકાય. એને નોકરીમાંથી બરતરફ કરવામાં આવે તો તે કાયદાકીય પગલાં લઈ શકે છે. એટલે જાહેર કૂવો વાપરવા જેવી નજીવી વાત હોય કે આવાસ જેવી ગંભીર બાબત હોય તો તમે સમાન વર્તાવના અધિકાર ધરાવો છો. અને તે માટે કાયદો તમને સાથ આપે છે.

---

**લોયર્સ કલેક્ટિવ એચઆઈવી/એઈડ્સ યુનિટ, એચઆઈવી/એડ્સ ધરાવતા લોકોને મફત કાયદાકીય સહાય અને સલાહ આપે છે. વધુ માહિતી માટે સંપર્ક કરો:**

લોયર્સ કલેક્ટિવ એચઆઈવી/એઈડ્સ યુનિટ, ૭/૧૦, બોટાવાલા બિલ્ડિંગ, ૨જો માળ,
હૉર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.
ફોન: ૦૨૨-૨૬૭૬૨૧૩/૯ ફેક્સ: ૦૨૨- ૨૭૦૨૫૬૩.
e-mail: aidslaw@vsnl.com

૬૩/૨ મસ્જિદ રોડ. જંગપુરા. નવી દિલ્હી ૧૦૦૦૧૪
ફોન/ફૅક્સ : ૦૧૧-૪૩૨૧૧૦૧/૨

# શું તમને એચઆયવી / એઈડ્સ થયો છે?



## તમારા મૂળભૂત અધિકાર

ભારતમાં બધા લોકો કાયદાની દૃષ્ટિએ પાયાના અથવા તો મૂળભૂત અધિકાર ધરાવે છે. પછી ભલે તેમનાં ધર્મ, જાતિ, લિંગ કે જન્મસ્થળ જુદાં જુદાં હોય. અને કોઈ વ્યક્તિ



એચઆઈવીથી અસરગ્રસ્ત હોય તો એટલા જ કારણસર આ અધિકારમાં કોઈ ફરક પડતો નથી. તમારા મૂળભૂત અધિકાર વિશે સજાગ રહેવું ખૂબ મહત્વનું છે અને તેનો ભંગ થતો હોય તો તમે એની સામે પગલાં લઈ શકો છો. એચઆઈવીના સંદર્ભમાં સૌથી મહત્વના ત્રણ અધિકાર આ મુજબ છે.

## માહિતીપ્રદ મંજૂરીનો અધિકાર

મંજૂરી એટલે કોઈક બાબત સાથે સંમત થવું. કાયદાની ભાષામાં કહીએ તો મંજૂરી બે વ્યક્તિ વચ્ચે એક જ બાબતમાં એક જ અર્થમાં થતી સંમતિ છે.

- મંજૂરી વ્યક્ત કરી શકાય છે જે મૌખિક કે લેખિત હોય છે અથવા વર્તણૂક કે ક્રિયા દ્વારા વ્યક્ત થાય છે જેમ કે માથું હલાવવું.




- ઘણી બધી બાબતો માટે લેવામાં આવેલી મંજૂરી સામાન્ય હોઈ શકે છે અથવા કોઈ ચોક્કસ હેતુ માટે લીધેલી મંજૂરી ચોક્કસ સ્વરૂપની હોય છે.

- મંજૂરી મુક્ત હોવી જોઈએ. જો મંજૂરી ધાકધમકી, ભૂલ, ખોટી રજૂઆત, છેતરપિંડી કે અયોગ્ય પ્રભાવ હેઠળ મેળવી હોય તો તે મુક્ત હોતી નથી.

- મંજૂરી માહિતીપ્રદ પણ હોવી જોઈએ. ખાસ કરીને ડૉક્ટર અને દર્દી વચ્ચેના સંબંધમાં ખૂબ આવશ્યક છે. ડૉક્ટર વધારે જાણકાર હોય છે અને દર્દી તેમનો ભરોસો કરે છે. કોઈ પણ તબીબી રીત પહેલાં, ડૉક્ટરે દર્દીને તેમાં રહેલાં જોખમો વિશે તેમજ કોઈ વિકલ્પ હોય તો તેના વિશે જણાવવું જોઈએ જેથી દર્દી માહિતીપ્રદ નિર્ણય લઈ શકે કે એ રીત અપનાવવી કે નહીં.

- બીજા કોઈ પણ રોગ કરતાં એચઆઈવીના સૂચિતાર્થ ખૂબ જુદા છે. એટલે એચઆઈવી માટેની ટેસ્ટ ખૂબ ચોક્કસ હોવી જોઈએ અને એ વ્યક્તિની માહિતીપ્રદ મંજૂરી મેળવવી જોઈએ. બીજી નિદાનાત્મક ટેસ્ટ માટેની મંજૂરીને એચઆઈવી ટેસ્ટ માટેની મંજૂરી ગણી શકાય નહીં. માહિતીપ્રદ મંજૂરી લેવામાં ન આવી હોય તો તમારા અધિકારનો ભંગ ગણી શકાય અને તમે અદાલતમાં પગલાં લઈ શકો છો.

તમારા ડૉક્ટરને હંમેશાં પૂછો કે તમને કઈ ટેસ્ટ કરવા અને દવા લેવા જણાવાયું છે અને શા માટે. તેને લીધે તમે તમારા સ્વાસ્થ્યની સમસ્યા વિશે વધારે સારી રીતે સમજી શકશો. મોટા ભાગના ડૉક્ટર તમને સહાય કરશે. આખરે એ જ તેમનું કાર્યક્ષેત્ર છે.

## ખાનગીપણાનો અધિકાર

ખાનગીપણું એટલે અમુક ચોક્કસ માહિતી તમારા પૂરતી ખાનગી રાખવી.



- એક વ્યક્તિ બીજી વ્યક્તિ પર ભરોસો રાખીને કોઈ વાત કહે છે ત્યારે ખાનગી રાખવી જોઈએ.

- તમને જેની પર વિશ્વાસ હોય અને તેની પર ભરોસો રાખીને કંઈક ખાનગી વાત કરો અને તે બીજી વ્યક્તિને એ કહી દે તો એ ખાનગીપણાનો ભંગ કહેવાય.

- ડૉક્ટરની દર્દી પ્રત્યેની પ્રાથમિક ફરજ એ છે કે દર્દીએ તેમને આપેલી માહિતી ખાનગી રાખવી. તમારા ખાનગીપણાનો ભંગ થવાની શક્યતા હોય કે ભંગ થયો હોય તો તમે અદાલતમાં જવાનો અને નુકસાની માટે દાવો માંડવાનો અધિકાર ધરાવો છો.

- મોટા ભાગના એચઆઈવી/એઈડ્સગ્રસ્ત દર્દીઓ (પીડબલ્યુએ) અદાલતમાં જતાં ગભરાય છે કારણ કે તેમની એચઆઈવી વિશેની સ્થિતિ જાહેર થઈ જવાની શક્યતા રહે છે. જો કે તેઓ ઓળખ જાહેર ન કરવાનું શસ્ત્ર વાપરી શકે છે જેમાં વ્યક્તિ બીજા નામે (પોતાના ખરા નામે નહીં) કેસ કરી શકે છે. આ લાભદાયક વ્યૂહને લીધે દર્દી સામાજિક બદનામી કે ભેદભાવ વિના ન્યાય મેળવી શકે છે.